ક્રમાંક/મહેકમ/૬/૭૯

કમિશનર કચેરી
મહેકમ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા.૩૧/૮/૨૦૨૪

વિષયઃ– **ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ) તરીકે ફીકસ પગારથી નિમણુંક આપવા બાબત.**
સંદર્ભઃ– ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ)ની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમિતિનો તા.૩૦/૮/૨૦૨૪ નો અહેવાલ.

---

**હુકમ :–**

ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગમાં "**ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ)**" ની ભરતી કરવા માટે તા.૨૨/૧૦/૨૦૨૩ નાં રોજ લેખીત પરીક્ષા લેવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ દર્શીત પસંદગી સમિતિના અહેવાલ અનુસાર નીચે જણાવેલ કુલ–૪ ઉમેદવારોને ભાવનગર મહાનગરપાલિકામાં તેઓના નામ સામે દર્શાવેલ વિભાગમાં લીયન અને ફરજ રાખી " ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ)" તરીકે સરકારશ્રીના નિયમો મુજબ પ્રથમ પાંચ વર્ષ સુધી રૂા.૪૦,૮૦૦/– ના ફીકસ પગાર મુજબ હાજર થયા તારીખથી પાંચ વર્ષ સુધી નિમણુંક આપવા આથી હુકમ કરવામાં આવે છે. નિમણુંકની અન્ય શરતો આ સાથે સામેલ પરીશીષ્ટ–એ મુજબ રહેશે. ફરજના વિભાગો ફાળવવા અંગેના વિગતવાર હુકમ હવે પછી કરવામાં આવશે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેગરી | નિમણુંકની કેટેગરી | લીયનનો વિભાગ | ફરજનો વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ભરતભાઈ અમરભાઈ ઝુઝીયા | એસ.ઈ.બી.સી. | બીન અનામત | ઘરવેરા | ઘરવેરા(પૂર્વ) |
| ૨ | શ્રી અરબાઝ અહમદમીન પરવાણી | ઈ.ડબલ્યુ.એસ. | બીન અનામત | ઘરવેરા | એસેસમેન્ટ સેલ |
| ૩ | શ્રી યોગીની રમેશભાઈ વિરાણી | બીન અનામત | બીન અનામત (મહિલા) | ટાઉન ડેવલપમેન્ટ | એસેસમેન્ટ સેલ |
| ૪ | શ્રી પ્રકાશભાઈ હિંમતભાઈ રાઠોડ | અનુસુચિત જાતિ | અનુસુચિત જાતિ | વોટર વર્કસ | એસેસમેન્ટ સેલ |

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલજાણ તથા અમલ થવા સારૂ :–
(૧) શ્રી.........................................
(૨) ..................................વિભાગ
(૩) નાયબ કમિશનરશ્રી (એડમીન.)
(૪) નાયબ કમિશનરશ્રી(જનરલ)
(૫) સીટી એન્જીનીયરશ્રી
(૬) ઓડીટ વિભાગ
(૭) એકાઉન્ટ વિભાગ
(૮) પી.એ.ટુ.કમિશનરશ્રી
(૯) સે.એ.વિભાગ
(૧૦) કોમ્પ્યુટર વિભાગ...... ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.
(૧૧) સબંધીત પ્રકરણે

D:\52\ASHWIN-24\T-6\BHARATI-24\HUKAM.docx



કોમ્પ્યુટર વિભાગ
ઈન્વર્ડ નંબર 1466
તા. 31/08/2024

## પરિશિષ્ટ–એ

### –:: શ ર તો ::–

(૧) આ હુકમ મળ્યેથી દિવસ–૧૫ માં લીયનના વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હુકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્રવ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રાજીનામું મંજુર થયાનો આધાર રજુ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નીતિ નકકી કરે તે બંધનકર્તા રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાની સેવા અન્ય મહાનગરપાલિકામાં બદલીને પાત્ર નથી. આથી આ નિમણુંક પામેલ કર્મચારીની અન્ય મહાનગરપાલિકામાં કે સરકારશ્રીનાં અન્ય વિભાગોમાં બદલી થઈ શકશે નહી તેમજ પ્રતિનિયુકિતની માંગણીઓ પણ કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી આ શરત તમોને બંધનકર્તા રહેશે. આમ છતા આપના દ્વારા આવી બદલી કે પ્રતિનિયુકિતની માંગણી કર્યેથી આપની વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેનાં તમામ પ્રમાણ પત્રોની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજુ કરવાની રહેશે.

(૬) અત્રેની સુચના મુજબ સર. ટી. હોસ્પિટલ / સરકારી દવાખાનાનું શારીરીક ફિટનેશનું પ્રમાણપત્ર ફરજ પર હાજર થયેથી છ–માસમાં રજુ કરવાનું રહેશે. ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થયેથી નિમણુંક આપો આપ રદ ગણાશે.

(૭) ફરજ પર હાજર થયેથી સર્વિસ બુક રજુ કરવાની રહેશે.

(૮) ભાવનગર મહાનગરપાલિકાના તા.૨૫/૭/૧૧ ના હુકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

(૯) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓનાં ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૧૦) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૧) નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર તથા કમિશનરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) ફીકસ પગારી સમય દરમ્યાનની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આ નિમણુંક તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે ગણાશે.

(૧૩) આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે.આ હુકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે, તેમ માનવામાં આવશે.

(૧૪) નિમણુંક થયેલ ઉમેદવારે કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઠરાવવામાં આવે તેવું તથા તેટલી રકમનું બોન્ડ ભરવાનું રહેશે. નિમણુંક થયેલ ઉમેદવારને નિમણુંકવાળી જગ્યા ઉપર હાજર થયેથી આ શરત બંધનકર્તા રહેશે.

(૧૫) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરિક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી. પરિક્ષા સરકાર ધ્વારા માન્ય કેન્દ્રો ધ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજુ કરેલ સી.સી.સી. સર્ટી સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી.ની સરકારશ્રીના પરિક્ષા કેન્દ્રો ધ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૧૬) ઉમેદવારશ્રીએ કાર્યમથક પરના રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૭) ઉમેદવારશ્રીએ કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજર રહી ફરજ બજાવવાની રહેશે. તેમજ અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકાશે નહી જાહેર રજાના દિવસોએ પણ સરકારી / કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહી.

(૧૮) ઉમેદવારશ્રીએ શાખા/કચેરીના તરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ ધ્વારા સોંપવામાં આવે તેવી અન્ય ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૧૯) ઉમેદવારશ્રીએ ફીકસ પગારની સેવાના સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીને મોકલાવેલ મૂલ્યાંકન અહેવાલના સબંધમાં સક્ષમ અધિકારીને કામગીરી સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી સેવાનો અંત લાવવામાં આવશે.

(૨૦) ઉમેદવારશ્રીએ ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો –૧૯૭૧ થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલા છે તે તેમજ જી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ વર્તણૂંક કરે તે અપેક્ષિત છે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર